# ગુજરાતી સાહિત્ય
## Most IMP-100 Questions
By: Hari Patel

| NO. | Questions | Answer |
|---|---|---|
| 1 | ગુજરાતી સાહિત્યમાં 'સોનેટના પિતા' તરીકે કોણ ઓળખાય છે ? | બળવંતરાય કલ્યાણરાય ઠાકોર |
| 2 | 'તણખા' વાર્તા સંગ્રહના લેખકનું નામ શું છે ? | ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ' |
| 3 | રાષ્ટ્રીય શાયરનું બિરુદ કયા ગુજરાતી કવિને મળેલું છે ? | ઝવેરચંદ મેઘાણી |
| 4 | ગુજરાતી ભાષાની પહેલી નવલકથા 'કરણઘેલો' ના લેખકનું નામ શું છે ? | નંદશંકર મહેતા |
| 5 | 'સુન્દરમ્' ઉપનામ (તખલ્લુસ) કયા સર્જકનું છે ? | ત્રિભુવનદાસ લુહાર |
| 6 | 'ગુજરાતનો નાથ' અથવા 'પાટણનીપ્રભુતા' **અથવા** 'પૃથિવીવલ્લભ' નવલકથાના લેખકનું નામ શું છે ? | કનૈયાલાલ મા. મુનશી 'ઘનશ્યામ' |
| 7 | ગુજરાતી ભાષાના પ્રથમ હાઇકુ લખનાર કવિનું નામ શું છે ? | ઝીણાભાઇ દેસાઇ 'સ્નેહરશ્મિ' |
| 8 | ગુજરાતી સાહિત્યની પ્રથમ આત્મકથા કઇ છે ? | મારી હકીકત (લેખક - નર્મદ) |
| 9 | 'હું માનવી માનવ થાઉં તો ઘણું' એ કવ્યપંક્તિઓ કોની છે ? | 'સુન્દરમ્' |
| 10 | 'જક્ષણી' અથવા 'લોહીની સગાઇ' **અથવા** 'છકડો'એ કયા પ્રકારની સાહિત્યિક રચના છે ? | નવલિકા |
| 11 | 'અંગત' કાવ્યસંગ્રહના સર્જકનું નામ શું છે ? | રાવજી પટેલ |
| 12 | કયા ગુજરાતી બાળસાહિત્યકાર 'મૂછાળી મા' તરીકે જાણીતા છે ? **અથવા** ગુજરાતી સાહિત્યના લોકપ્રિય લેખક કોણ હતા ? | ગિજુભાઇ બધેકા |
| 13 | મહાત્મા ગાંધીજીએ લખેલી આત્મકથા કઇ છે ? | સત્યના પ્રયોગો |
| 14 | કયા ગુજરાતી કવિ અને સંત ' આદિ કવિ' તરીકે જાણીતા છે ? | નરસિંહ મહેતા |
| 15 | 'પરબ' સામયિક (માસિક) કઇ સાહિત્યિક સંસ્થા દ્વારા પ્રસિદ્ધ (પ્રગટ) થાય છે ? | ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા |
| 16 | 'શબ્દસૃષ્ટિ' સામયિક (માસિક) કઇ સાહિત્યિક સંસ્થા દ્વારા પ્રસિદ્ધ (પ્રગટ) થાય છે ? | ગુજરાતી સાહિત્ય અકાદમિ |
| 17 | ઝવેરચંદ મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર' નું બિરુદ કોણે આપ્યું હતું | મહાત્મા ગાંધીજીએ |
| 18 | ગુજરાતી સાહિત્યમાં 'ગદ્યના પિતા' તરીકે કોણ ઓળખાય છે ? **અથવા** 'સમયમૂર્તિ' **અથવા** 'યુગપ્રવર્તક' **અથવા** 'યુગદ્દષ્ટા' **અથવા** 'અર્વાચીનોમાં આદ્ય' તરીકેનું બિરુદ કોને મળ્યું છે ? | નર્મદ (નર્મદાશંકર દવે) |
| 19 | 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી,ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' **અથવા** 'ગુણવંતી ગુજરાત, અમારી ગુણવંતી ગુજરાત' આ ગીતપંક્તિઓના રચયિતા કોણ છે ? | ખબરદાર |
| 20 | 'કલાપી' કયા સાહિત્યકારનું ઉપનામ છે ? | સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ |
| 21 | ગુજરાતી સાહિત્યની પ્રથમ નાટ્યકૃતિ કઇ છે ? **અથવા** ગુજરાતી સાહિત્યનું પ્રથમ નાટક કયું છે ? | લક્ષ્મી (દલપતરામ) |
| 22 | 'રાઇનો પર્વત' **અથવા** 'ભદ્રંભદ્ર' કૃતિના સર્જકનું નામ શું છે ? | રમણભાઇ નીલકંઠ |
| 23 | ગુજરાતી સાહિત્ય સભાની સ્થાપના કોણે કરી હતી ? | રણજિતરામ વાવાભાઇ મહેતાએ (ઇ.સ.1904 માં) |
| 24 | ગુજરાત વિદ્યાસભા નામે ઓળખાતી સાહિત્યિક સંસ્થા કયા નામે શરૂ થઇ હતી ? | ગુજરાત વર્નાક્યુલર સોસાયટી |
| 25 | ગુજરાત વિદ્યાસભા દ્વારા કયું માસિક (સામયિક) પ્રગટ થાય છે ? | બુદ્ધિપ્રકાશ |

| | | |
|---|---|---|
| 26 | 'હા,પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે' **અથવા** 'જ્યાં જ્યાં નજર મારી ઠરે,યાદી ભરી ત્યાં આપની' **અથવા** સૌદર્યો વેડફી દેતાં ના સુંદરતા મળે, સૌદર્યો પામતાં પહેલાં સૌદર્ય બંવું પડે' આ કાવ્યપંક્તિના સર્જક કોણ છે ? | સુરસિંહજી ગોહિલ 'કલાપી' |
| 27 | સૌ પ્રથમ ગુજરાતનો ઇતિહાસ લખનાર લેખક(ઇતિહાસકાર) નું નામ શું છે ? | પ્રાણલાલ એદલજી ડોસા |
| 28 | ગુજરાતી સાહિત્યના સર્વપ્રથમ મુદ્રિત પુસ્તકનું નામ શું છે ? | વિદ્યાસંગ્રહ પોથી |
| 29 | ગુજરાતી સાહિત્યકાર લાભશંકર ઠાકરનું ઉપનામ કયું છે ? | પુનર્વસુ |
| 30 | 'જનમટીપ' **અથવા** 'લોહીની સગાઇ' કૃતિના સર્જકનું નામ શું છે ? | ઇશ્વર પેટલીકર |
| 31 | 'કાન્ત' કયા સર્જકનું ઉપનામ છે ? | મણિશંકર રત્નજી ભટ્ટ |
| 32 | કનૈયાલાલ માણેકલાલ મુનશીનું ઉપનામ (તખલ્લુસ) શું છે ? | ઘનશ્યામ |
| 33 | 'સાત પગલાં આકાશમાં' નવલકથા કોણે લખી છે ? | કુન્દનિકા કાપડીયા |
| 34 | 'ઝેર તો પીધાં છે જાણી જાણી' **અથવા** 'સોક્રેટીસ' એ નવલકથાના લેખક કોણ છે ? | મનુભાઇ પંચોળી 'દર્શક' |
| 35 | 'દર્શક' કયા ગુજરાતી લેખકનું ઉપનામ છે ? | મનુભાઇ પંચોળી |
| 36 | ગુજરાતી સાહિત્યમાં સૌપ્રથમ સોનેટ કયા કવિએ લખ્યાં હતાં ? | બળવંતરાય કલ્યાણરાય ઠાકોર |
| 37 | ગુજરાતી સાહિત્યમાં સૌપ્રથમ ખંડકાવ્યના સર્જક કોણ છે ? | મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત' |
| 38 | 'ભારેલો અગ્નિ' નવલકથાના લેખક કોણ છે ? | રમણલાલ વ. દેસાઇ |
| 39 | 'માણસાઇનાદીવા' **અથવા** 'વેવિશાળ' **અથવા** 'સૌરાષ્ટ્રની રસધાર' સાહિત્યકૃતિના સર્જક કોણ છે ? | ઝવેરચંદ મેઘાણી |
| 40 | 'ઉશનસ્' તખલ્લુસ કયા કવિનું છે ? | નટવરલાલ પંડ્યા |
| 41 | ગુજરાતી ભાષાનું સૌપ્રથમ સામયિક કયું મનાય છે ? | દાંડિયો |
| 42 | 'સસ્તુ સાહિત્ય' ના સ્થાપક કોણ હતા ? | ભિક્ષુ અખંડઆનંદ |
| 43 | ગુજરાતી સાહિત્યના 'હાસ્યસમ્રાટ' તરીકે કોણ પ્રખ્યાત છે ? | જ્યોતીન્દ્ર હ. દવે |
| 44 | ગુજરાતી ભાષાના પ્રથમ કોશકાર કોણ હ્તા ? | કવિ નર્મદ |
| 45 | કયા ગુજરાતી સાહિત્યકાર 'સવાઇ ગુજરાતી' તરીકે જાણીતા હતા ? | કાકા સાહેબ કાલેલકર |
| 46 | કાકાસાહેબ કાલેલકરને 'સવાઇગુજરાતી' નું બિરુદ કોણે આપ્યું હતું ? | મહાત્મા ગાંધીજીએ |
| 47 | 'ધૂમકેતુ' કયા જાણીતા સાહિત્યકારનું ઉપનામ છે ? | ગૌરીશંકર જોશી |
| 48 | કવિ ઉમાશંકર જોશીનું ઉપનામ કયું છે ? | વાસુકિ |
| 49 | 'વસુધા' **અથવા** 'કાવ્યમંગલા' સાહિત્યકૃતિ કોણે લખી છે ? | ત્રિભુવનદાસ લુહાર 'સુન્દરમ્' |
| 50 | 'અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઇ જા' આ જાણીતા પ્રાર્થનાગીતના રચયિતા કોણ છે ? | કવિ ન્હાનાલાલ |
| 51 | 'કૃષ્ણનું જીવન સંગીત' એ પુસ્તકના લેખક કોણ છે ? | ગુણવંત શાહ |
| 52 | કાકાસાહેબ કાલેલકરનું ગુજરાતી સાહિત્યમાં કયા ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન છે ? | નિબંધ ક્ષેત્રે |
| 53 | 'જનનીની જોડ સખી નહી જડે રે લોલ' એ પ્રસિદ્ધ કાવ્યપંક્તિ કોણે લખી છે ? | બોટાદકર |
| 54 | ગુજરાતી ભાષાનો 'સાર્થ જોડણીકોશ' કઇ સંસ્થાએ પ્રકાશિત કર્યો છે ? | ગુજરાત વિદ્યાપીઠ |
| 55 | 'જય જય ગરવી ગુજરાત' એ જાણીતા ગીતના રચયિતા કોણ છે ? | નર્મદ |
| 56 | ' વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે'- આ જાણીતા ભજનના રચયિતા કોણ છે ? | નરસિંહ મહેતા |
| 57 | 'ખબર છે એટલી કે મોતની હાકલ પડી છે''- આ પંક્તિ કયા કવિની છે ? | ઝવેરચંદ મેઘાણીની |

| | | |
|---|---|---|
| 58 | પન્નાલાલ પટેલની કઇ નવલકથાને જ્ઞાનપીઠ એવોર્ડ મળેલ છે ? | માનવીની ભવાઇ નવલકથાને |
| 59 | 'મળેલા જીવ' એ પ્રસિદ્ધ નવલકથાના લેખક કોણ છે ? | પન્નાલાલ પટેલ |
| 60 | 'વડલો' કૃતિના સર્જક કોણ છે ? | કૃષ્ણલાલ શ્રીધરાણી |
| 61 | 'દરિયાલાલ' નવલકથાના સર્જકનું નામ શું છે ? | ગુણવંતરાય આચાર્ય |
| 62 | ઉમાશંકર જોશીને તેમની કઇ કૃતિ માટે જ્ઞાંનપીઠ એવોર્ડ મળેલ છે ? | નિશીથ |
| 63 | જીવરામ જોશી **અથવા** ગિજુભાઇ બધેકા **અથવા** રમણલાલ સોનીએ ગુજરાતી સાહિત્યના કયા ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે ? | બાળસાહિત્ય ક્ષેત્રે |
| 64 | જ્યોતીન્દ્ર દવેએ ગુજરાતી સાહિત્યના કયા ક્ષેત્રમાં સૌથી મોટું પ્રદાન કર્યું છે ? | હાસ્યલેખોના ક્ષેત્રે |
| 65 | 'ઠોઠ નિશાળીયો' એ કયા હાસ્યલેખકનું ઉપનામ છે ? | બકુલ ત્રિપાઠી |
| 66 | 'જયભિખ્ખુ' કોનું ઉપનામ છે ? | બાલાભાઇ દેસાઇ |
| 67 | 'કાળુ' અને 'રાજુ' કઇ ગુજરાતી નવલકથાનાં ચિરંજીવ પાત્રો છે ? | માનવીની ભવાઇ |
| 68 | 'પ્રેમભક્તિ' ઉપનામ કયા કવિનું છે ? | કવિ ન્હાનાલાલ |
| 69 | 'મુંજ' અને 'મૃણાલવતી' એ કઇ ગુજરાતી નવલકથાનાં ચિરંજીવ પાત્રો છે ? | પૃથિવીવલ્લભ નવલકથાનાં |
| 70 | 'અમૃતા' **અથવા** 'તમસા' એ કોની જાણીતી કૃતિઓ છે ? | રઘુવીર ચૌધરી |
| 71 | 'રેવન્યુ સ્ટેમ્પ' પુસ્તકના લેખક કોણ છે ? | અમૃતા પ્રિતમ |
| 72 | રમણભાઇ નિલકંઠનું તખલ્લુસ (ઉપનામ) કયું છે ? | મકરંદ |
| 73 | ગુજરાતી ભાષાની સૌ પ્રથમ વાર્તા કઇ છે ? | ગોવાલણ (લેખક-ચંપકલાલ મહેતા 'મલયાનલ') |
| 74 | અરદેશર ખબરદાર સાહિત્ય ક્ષેત્રે કયા ઉપનામથી જાણીતા છે ? | અદલ |
| 75 | 'છ અક્ષરનું નામ' સાહિત્યિક કૃતિના સર્જક કોણ છે ? | રમેશ પારેખ |
| 76 | 'સોનાનો કિલ્લો' એ ગુજરાતી કૃતિ કોણે લખી છે ? | સુકન્યા ઝવેરી |
| 77 | 'આંગળિયાત' **અથવા** 'મારી પરણેતર' કૃતિના સર્જક કોણ છે ? | જોસેફ મેકવાન |
| 78 | 'મારેપણ એક ઘર હોય' એ કૃતિ કઇ લેખિકાની છે ? | વર્ષા અડાલજા |
| 79 | પ્રસિદ્ધ મહાનવલ (નવલકથા) 'સરસ્વતીચન્દ્ર' ના લેખક કોણ છે ? | ગોવર્ધનરામ મા.ત્રિપાઠી |
| 80 | ધીરા ભગતે રચેલાં પદો કયા નામે જાણીતાં છે ? **અથવા** ધીરા ભગતનાં પદો કયા રાગમાં ગવાતા હતા ? | 'કાફી' તરીકે જાણીતા છે<br>'કાફી' રાગમાં ગવાતાં |
| 81 | ગુજરાતી સાહિત્યમાં 'ગરબી' સાહિત્યસ્વરૂપ ક્ષેત્રે કોનું વિશેષ પ્રદાન છે ? | દયારામ |
| 82 | કવિ કાન્તના એક માત્ર જાણીતા કાવ્યસંગ્રહનું નામ શું છે ? | પૂર્વાલાપ |
| 83 | ગુજરાતી સાહિત્યમાં 'ખંડકાવ્યના જનક' તરીકે કોણ પ્રસિદ્ધ છે ? **અથવા** 'મહાભારત' ખંડકાવ્યના સર્જકનું નામ શું છે ? | મણીશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત' |
| 84 | 'ભણકાર ભાગ 1-2' એ કયા કવિનો કાવ્યસંગ્રહ છે ? | બળવંતરાય ક. ઠાકોર |
| 85 | સાહિત્ય ક્ષેત્રે બળવંતરાય ક. ઠાકોર કયા તખલ્લુસથી જાણીતા છે ? | સેહેની |
| 86 | 'શ્રાવણી મેળો' વાર્તા સંગ્રહ **અથવા** 'વિશ્વશાન્તિ, નિશીથ, ગંગોત્રી' કાવ્યસંગ્રહો કોણે લખ્યાં છે ? | ઉમાશંકર જેઠાલાલ જોશી ' વાસુકિ' |
| 87 | 'ઇર્શાદ' ઉપનામ કયા સાહિત્યકારનું છે ? | ચિનુભાઇ ચંદુલાલ મોદી |
| 88 | 'જળમાં હવે જડતું નથી,તટને તપાસી એ' – આ કાવ્યપંક્તિઓ કયા સાહિત્યકારની છે ? **અથવા** 'જળમાં હવે જડતું નથી,તટને તપાસી એ'- એ પ્રસિદ્ધ ગઝલ કોણે લખી છે ? | ચિનુભાઇ મોદી 'ઇર્શાદ' |

| | | |
|---|---|---|
| 89 | પ્રસિદ્ધ નવલિકા (વાર્તા) 'જક્ષણી' ના લેખક કોણ છે ? | રામનારયણ વિ. પાઠક 'દ્વિરેફ' |
| 90 | રામનારયણ વિ. પાઠકે 'કાવ્યો' કયા ઉપનામથી લખ્યાં છે ? | 'શેષ' ઉપનામથી |
| 91 | રામનારયણ વિ. પાઠકે 'નિબંધો' કયા ઉપનામથી લખ્યાં છે ? | 'સ્વૈરવિહારી' ઉપનામથી |
| 92 | રામનારયણ વિ. પાઠકે 'વાર્તાઓ' કયા ઉપનામથી લખી છે ? | 'દ્વિરેફ' ઉપનામથી |
| 93 | 'દાદા કેસરીસિંઘ' અને પ્રપૌત્રી 'કોશા' કઇ નવલિકાનાં ચિરંજીવ પાત્રો છે ? | ચક્ષુ:શ્રવા (ચંદ્રકાન્ત બક્ષી) |
| 94 | 'ગિલો' કઇ નવલિકા(વાર્તા) નું પ્રસિદ્ધ પાત્ર છે ? | છકડો (જયંતી ગોહેલ) |
| 95 | 'માય ડિયર જયુ' એ કોનું ઉપનામ છે ? **અથવા** 'જીવ' વાર્તાસંગ્રહના લેખક કોણ છે ? | જયંતી ગોહેલ |
| 96 | 'દાંડિયો' નામનું પાક્ષિક કોણે શરૂ કર્યું હતું ? | નર્મદ |
| 97 | 'અવળવાણિયા' **અથવા** 'ગુપ્તા' ઉપનામ કોનું છે ? | જ્યોતીન્દ્ર દવેનું |
| 98 | 'રંગતરંગ' **અથવા** 'મારીનોંધપોથી' **અથવા** 'હાસ્યતરંગ' એ હાસ્યલેખોના લેખક કોણ છે ? | જ્યોતીન્દ્ર દવે |
| 99 | 'હિમાલયનો પ્રવાસ' **અથવા** 'રખડવાનો આનંદ' **અથવા** 'જીવનનો આનંદ' **અથવા** 'ઓતરાતી દિવાલો' પુસ્તકના લેખક (સર્જક) કોણ છે ? | કાકા કાલેલકર |
| 100 | 'રાતવાસો' વાર્તાસંગ્રહ **અથવા** 'સાતમી ઋતુ' કાવ્યસંગ્રહના સર્જક કોણ છે ? | મણિલાલ હ. પટેલ |

નોંધ- આ પ્રશ્નોત્તર ખૂબજ ચીવટ રાખી તૈયાર કરેલ છે.તેમ છતાં કોઇ ક્ષતિ રહી ગઇ હોય તો મારું ધ્યાન અવશ્ય દોરશો. જેથી તેને સુધારી શકાય.આ પ્રશ્નોત્તર વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપનાર પરીક્ષાર્થીઓને ખૂબ જ ઉપયોગી થાય તે હેતુથી તૈયાર કરેલ છે.આ વિશે આપના અભિપ્રાયો અને સૂચનો અવશ્ય લખી મોકલશો.બ્લોગ પર સંદેશા ફોર્મ આપેલ છે.જેમાં આપનું નામ, આપનું ઇમેલ આઇડી અને સંદેશામાં આપનો અભિપ્રાય અથવા સૂચન લખી મોકલશો.આભાર.આપનો શુભેચ્છક: –હરિ પટેલ